PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૩/૧૭–૧૮/ 5712(2) તા. 17-1-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ગૌતમ ઈન્ડસ્ટ્રીઝ,
સર્વે નંબર: ૨૧ / પી–૧, પ્લોટ નં–૧૪
ઝીલટોપ ગ્રેનીટો પ્રા. લી. , જુના ઘુંટુ રોડ
મુ. ત્રાજપર
મોરબી – ૩૬૩૬૪૨
મો: ૯૮૭૯૫ ૧૨૦૮૫

વિષય :–સીક્યોરીટી ડિપોઝીટ ના વ્યાજ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૦/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શનાળા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૦/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ગૌતમ ઈન્ડસ્ટ્રીઝ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર શ્રી અરવિંદભાઈ પટેલ તા.૦૫–૧૨–૧૭ ના રોજ ની મીટીંગ મા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શનાળા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :આર.પી. ભટ્ટ – વિભાગીય કચેરી, મોરબી

## : હુકમ :

ફરીયાદ : સીક્યોરીટી ડિપોઝીટ ના વ્યાજ બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ગૌતમ ઈન્ડસ્ટ્રીઝ નામે ગ્રાહક નં. – ૮૨૯૩૦/૦૫૬૩૫/૫ (૧૦૦ કીવો) નુ જોડાણ ઘરાવતા હતા. તે ઓગષ્ટ –૧૬ મા પરમેનેન્ટ ડીસકનેક્શન કરાયેલ છે. જે અન્વયે – તેઓને તા.૦૩–૦૩–૧૭ ના રોજ રૂ.૨,૩૬,૮૬૭/– નો ડિપોઝીટ રીફંડ અન્વયે નો ચેક અપાયેલ છે. ખરેખર તેઓને રૂ.૨,૪૮,૭૦૮/– નો સીક્યોરીટી ડિપોઝીટ તરીકે વ્યાજ સહીત મળવા પાત્ર હતા. આમ, બાકી ની તફાવતીય રકમ પરત મેળવવા માટે – તેમજ અમોને અમારી સીક્યોરીટી ડિપોઝીટ આપવામા વિલંબ થયેલ છે, તે સમયગાળા ના થતા વ્યાજ ઉપર વ્યાજ પણ આપવુ જરૂરી છે. તેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ગૌતમ ઈન્ડસ્ટ્રીઝ નામે ગ્રાહક નં. – ૮૨૯૩૦/૦૫૬૩૫/૫ (૧૦૦ કીવો) નુ ઓર્દ્યોગીક વીજજોડાણ શનાળા પેટા વિભાગીય કચેરી હેઠળ ઘરાવતા હતા. સદર વીજ જોડાણ તા.૧૨–૦૪–૧૨ થી અપાયેલ હતુ. અરજદાર ગ્રાહક દ્વારા સદર વીજ જોડાણ કાયમી ઘોરણે રદબાતલ કરવા માટે તા.૧૦–૦૮–૧૬ ના રોજ અરજી કરાતા, પીજીવીસીએલ દ્વારા તા.૦૧–૦૯–૧૬ ના રોજ ગ્રાહક નુ વીજ મીટર તેમજ અન્ય માલ–સામાન ગેટપાસ નં.૯૩૬૮ તા.૦૧–૦૯–૧૬ થી જમા કરવામા આવેલ છે. તા.૨૬–૦૯–૧૬ ના રોજ – અરજદાર દ્વારા ડિપોઝીટ રીફંડ મેળવવા માટે ની અરજી કરેલ હતી. સદર ગ્રાહક ને – સદર મીટર નુ – મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ચકાસણી કરવા માટે તા.૨૭–૧૨–૧૬ ના રોજ લેબોરેટરી મા હાજર રહેવા માટે નોટીસ અપાયેલ. જે અન્વયે – તા.૧૩–૦૧–૧૭ ના રોજ ના લેબોરેટરી ચેકીંગ ના રીપોર્ટ મુજબ – મીટર યોગ્ય જણાયેલ હતુ. |
| ૨.૨ | અરજદાર ની ડિપોઝીટ રીફંડ મેળવવા માટે ની અરજી ના અનુસંઘાને – સબંઘક કચેરી માથી તા.૦૨–૦૨–૧૭ ના રોજ – વિભાગીય કચેરી મા મોકલવામા આવેલ. જે અન્વયે – વિભાગીય કચેરી માથી તા.૦૭–૦૨–૧૭ મુજબ – પીજીવીસીએલ અને અરજદાર ગ્રાહક વચ્ચે કરારનામુ થયા મુજબ – કરારનામા ના ૦૨ વર્ષ પછી દર માસ નુ કરારનામુ ચાલુ રહે છે. જેથી, ૦૧ માસ ની મીનીમમ રીકવરી કરવા પાત્ર હોય –જે રીકવર કરેલ ન હોય– જેથી, પેટા વિભાગીય કચેરી મા પરત મોકલવામા આવેલ હતુ. જે અનુસંઘાને, સદર બાબતે – ગ્રાહક નો સંપર્ક કરી ને જણાવેલ – ગ્રાહક ના પત્ર તા.૦૭–૦૨–૧૭ મુજબ – બાકી નીકળતી રકમ – ડિપોઝીટ માથી વસુલ કરવી. ત્યારબાદ, તા.૦૮–૦૨–૧૭ ના રોજ રીવાઇઝ પ્રપોઝલ – વિભાગીય કચેરી મા મોકલવામા આવેલ. |

| | |
|---|---|
| ૨.૩ | સદર ગ્રાહક નુ – વીજ જોડાણ કાયમી ધોરણે રદબાતલ કરાવવાની અરજી અન્વયે, તા.૦૧–૦૯–૧૬ ના રોજ – મીટર ઉતારવામા આવેલ હતુ. જેથી, નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નં. – ૦૫/૨૦૧૦ મુજબ – જયારે ગ્રાહક નુ વીજ જોડાણ કાયમી ધોરણે રદબાતલ થાય ત્યારથી ગ્રાહક રહેતો નથી. તેથી, સીકયોરીટી ડિપોઝીટ ઉપર નુ વ્યાજ તા.૦૧–૦૪–૧૬ થી તા.૦૯–૦૯–૧૬ સુધી જ વ્યાજ આપવાનુ થાય છે. જે, વ્યાજ રૂપિયા ૭,૬૬૨ ( ૮૫૧૩–૮૫૧ ટી.ડી.એસ. ) સદર ગ્રાહક ના ખાતામા જમા આપવામા આવેલ છે. તેમજ, ટી.ડી.એસ.નુ ચલણ ગ્રાહક ને કવાટર એન્ડ પછી એટલેકે માહે ડિસેમ્બર–૧૭ પછી મળશે. |
| ૨.૪ | ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતે – અરજદાર અને ગ્રાહક વચ્ચે થયેલ કરારનામા ના મુદ્દા નં.(૫) મુજબ ની વિગતે – " … વીજળી નો પુરવઠો ચાલુ કર્યા પછી ના માસ ના પહેલા દિવસ થી ઓછામા –ઓછા ૦૨ વર્ષ નો રહેશે.અને પછી તે મહિના –મહિનાનો રહેશે…." જે મુજબ – સદર કેઈસ મા ગ્રાહક પાસેથી ૦૧ માસ નો મીનીમમ રીકવરી પાત્ર ચાર્જ રૂ.૧૧,૮૪૧/– વસુલવા પાત્ર છે. જેથી, અરજદાર ને ડિપોઝીટ રીફંડ ની રકમ રૂ.૨,૪૮,૭૦૮/– ને બદલે રૂ.૨,૪૮,૭૦૮/– માથી રૂ.૧૧,૮૪૧/– રીકવર કરી – રૂ.૨,૩૬,૮૬૭/– નો ચેક નં. – ૯૧૫૨૧૮ તા.૨૨–૦૨–૧૭ થી મોકલાયેલ છે. |
| ૨.૫ | મુદ્દા નં. ૨.૪ મુજબ ની વિગતે આમ, અરજદાર દ્વારા – માંગણી કરાયેલ વ્યાજ મેળવવા માટે ની રજુઆત – નિયમાધીન ન હોય – જમા આપવા પાત્ર થતી નથી. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતો ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ થી ૨.૫ મુજબ ની વિગતે ના અનુસંધાને – ફોરમ કમિટી જણાવે છે કે – જીઈઆરસી ના નોટીફિકેશન નં.: ૦૮/૨૦૦૫ મુજબ, ચેપ્ટર –૦૪ ના મુદ્દા નં. ૪.૧૪ મુજબ ની વિગતે "The licenses on termination of the agreement by either party shall refund security deposit after adjustment of dues if any within 30 days. " જે મુજબ – સદર ગ્રાહક નુ વીજ જોડાણ, તા.૦૧–૦૯–૧૬ ના રોજ પીડીસી કરાયેલ હોય – પરંતુ, સીકયોરીટી ડિપોઝીટ પીજીવીસીએલ દ્વારા ૩૦ દિવસ મા રીફંડ કરેલ ન હોય – જેથી કુદરતી ન્યાય મુજબ – સીકયોરીટી ડિપોઝીટ ઉપર ના વ્યાજની ગણતરી તા.૦૧–૦૯–૧૬ પછી – જેટલા દિવસ મોડુ થયેલ હોય – તે મુજબ – પ્રવર્તમાન નિયમાધીન રીતે – સદર કેઈસ મા – વ્યાજ ની ગણતરી કરી અને અરજદાર ને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીફંડ આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. તદઉપરાંત, સીકયોરીટી ડિપોઝીટ મા રીફંડ આપવામા થયેલ વિલંબ માટે ગ્રાહક દ્વારા માંગણી કરેલ વ્યાજ ઉપર નુ વ્યાજ આપવુ જરૂરી જણાતુ નથી. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે– સદર ગ્રાહક નુ વીજ જોડાણ, તા.૦૧–૦૯–૧૬ ના રોજ પીડીસી કરાયેલ હોય – એટલેકે સીકયોરીટી ડિપોઝીટ ઉપર ના વ્યાજની ગણતરી તા.૦૧–૦૯–૧૬ પછી – જેટલા દિવસ મોડુ થયેલ હોય – તે મુજબ – પ્રવર્તમાન નિયમાધીન રીતે – સદર કેઈસ મા – વ્યાજ ની ગણતરી કરી અને અરજદાર ને – અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીફંડ આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ :– જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.